જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૧/૨૦૨૪ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ, ૪૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ લોડીંગ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૫૭/૨૦૨૪

**ગોમતીપુરઃ** રસીકભાઈ રવજીભાઈ પાનસુરીયા (ઉ.વ.૬૬)(રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ રાયપુર મિલ પાસે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૪ કલાક ૧/૦૦ થી સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની પાછળની બારીના લોખંડના સળીયા કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૮,૧૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૮,૬૯,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**નારોલઃ** ધર્મેન્દ્ર રામપરવેસ યાદવ (રહે.લક્ષ્મીનગર સોસાયટી રંગોળીનગર પાસે હાઈફાઈ ચાર રસ્તા નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૪ રાતના ૯/૦૦ થી તા.૧૦/૦૧/૨૦૨૪ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ હાઈફાઈ ચાર રસ્તા “શાંતી શુક” કોમ્પલેક્ષમાં આવેલ “સ્વેતા જવેલર્સ” નામની પોતાની દુકાનનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટરના ખાનામાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૮/૨૦૨૪**

**કૃષ્ણનગરઃ** વંશિકા ડો/ઓ રાજદીપ તોમર (ઉ.વ.૧૫)(રહે.આશીર્વાદ ટેનામેન્ટ સરદાર ચોક પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૪ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી